# ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ

બ્લોક નં ૧૮/૮મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર – ૧૧, ગાંધીનગર

## દિવ્યાંગ ઉમેદવાર માટે ખાસ ભરતી ઝુંબેશ હેઠળની જાહેરાત

## આસીસ્ટન્ટ મેનેજર વર્ગ – ૨ અંગેની ભરતી ની વિગતવાર સૂચના

---

૧. ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ, ગાંધીનગર દ્વારા આસીસ્ટન્ટ મેનેજર વર્ગ- ૨ ની કુલ – ૧ જગ્યા માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવા માટે ઉમેદવારો પાસેથી અરજી પત્રકો મંગાવવામાં આવે છે.આ માટે ઉમેદવારોએ તા. ૦૪/૦૯/૨૦૨૫ થી ૨૬/૦૯/૨૦૨૫ દરમ્યાન અરજી કરવાની રહેશે.

૨. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ જીઆડીબીની વેબસાઈટ પર દરેક ઉમેદવારોએ પ્રથમ ધ્યાનથી વાંચવી જરુરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજી મોકલતા સમયે કોઈ ભૂલ કે ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ટાળી શકાય.

૩. અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, અનુભવ તેમજ અન્ય લાયકાત ના તમામ અસલ પ્રમાણપત્રો સાથે રાખવાના રહેશે અને અરજી મા તે મુજબ ની માહિતી આપવાની રહેશે. અરજી માં દર્શાવેલ ખોટી વિગત ને કારણે ઉમેદવારી ‘રદ’ થવાપાત્ર બને છે.

**<u>૪. જગ્યાની વિગતઃ-</u>**

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગતા ના જૂથ પ્રમાણે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | બધિર અને ઓછુ સાંભળનાર | મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | સ્વાલીનતા (Autism) બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બિમારી | બહેરાશ – અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
| | | **B, LV** | **D, HH** | **OA, BA, OL, OAL, BLA, BLOA, CP, LC, Dw, AAV** | **SLD, MD (40-70)%** | |
| | | **A** | **B** | **C** | **D** | |
| આસીસ્ટન્ટ મેનેજર વર્ગ-૨ | ૧ | ૧ | | | | |

B (Blind), LV (Low Vision), D (Deaf), HH (Hard of Hearing), OA (One Arm), OL (One Leg), BA* (Both Arm), BL* (Both Leg), OAL (One Arm and One Leg), CP (Cerebral Palsy), LC (Leprosy Cured), Dw (Dwarfism), AAV (Acid Attack Victim), SI (Spine Injury), SD (Spine Deformity), ASD (Autism Spectrum Disorder), M (Mild), MoD (Moderate), ID - Intellectual Disability, SLD (Specific Learning Disability), MI (Mental Illness), MD (Multiple Disabilities) Disabilities included in Group A to D

નોંધ:-

દિવ્યાંગ ઉમેદવાર ને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨ ના ઠરાવની જોગવાઇ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જન નું તબીબી પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે દિવ્યાંગ અનામત નો લાભ મળશે.

**૫. નાગરિકત્વ:-**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ–૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

**૬. વયમર્યાદા:-**

(૧) તા. ૦૧/૦૯/૨૦૨૫ ના રોજ ઉમેદવાર ની ઉંમર ૩૦ વર્ષ થી વધુ ન હોવી જોઈએ. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(૨) દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર વયમર્યાદા માં છૂટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટાછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના શારિરીક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવાર | ૧૦ વર્ષ | મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં |
| સામાન્ય કેટેગરીના શારિરીક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવાર | ૧૫ વર્ષ | મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં |

**૭. પગાર ધોરણ:-**

નાણાં વિભાગના તા. ૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૨૦૧૬-૧-પગાર (સાતમા પગારપંચના પે મેટ્રીક્સ) મુજબ લેવલ - ૮ મા ૪૪૯૦૦ - ૭૮૮૦૦ (ગ્રેડ પે – ૪૬૦૦) ના પગાર ધોરણ ના મુજબ બેઝીક રુ. ૪૪૯૦૦/- ઉપર તમામ મળવાપાત્ર ભથ્થા ના લાભ સાથે ના પગારથી નિમણૂક અપાશે

**૮. શૈક્ષણિક લાયકાત:**

૧) માસ્ટર ડીગ્રી અથવા તે સમકક્ષ સ્પેશીયલાઇઝેશન ઇન મેનેજમેન્ટ, કોમર્સ, ઈકોનોમીક્સ અથવા સ્ટેટેસ્ટીક (કોઈપણ એક)

૨) કોમ્પ્યુટર ના જાણકાર

૩) ગુજરાતી, હીન્દી તથા અંગ્રેજી ભાષાના જાણકાર

**૯. અનુભવ:-** ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ જરુરી